શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૫ • મે-૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

ફૂલતણાં છોગલિયાં ફરતાં, મેલ્યાં મરમાળા;
કાનુ ઉપર ફૂલડાં ખોસ્યાં, લાગે રૂપાળા....

દુધાળા ગામને આંગણે યોજાયો ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી રામ તથા ભગવાન શ્રી શિવજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ
મહોત્સવમાં ઉપસ્થિત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય સ્વામીજી, સંતો તથા ભક્તજનો

SGVPને આંગણે યોજાઇ ભવ્ય સત્સંગ બાલ શિબિર - ૨૦૧૩, જેમાં ૭૦૦થી વધારે બાળકોએ સત્સંગ-સંસ્કારનો લાભ લીધો

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, મે : ૨૦૧૭, અંક : ૫

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર : જી. વિઝન

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

તેરે કાજ કનૈયા લાલ

તેરે કાજ કનૈયા લાલ,
છીરું મેં તો બાવરી;
પિયા છેલ ચતુર ઘનશ્યામ,
મેરે ઘરું આવરી. તેo ટેક.

મોહન વદન દેખાય કે,
પ્યારે અબ નહિ રહના દૂર;
બિન દેખે મોરે બાલમા,
મેં તો જોગન હોઉંગી જરૂર. છીરું૦ ૧

મનભાવન તેરી મૂરતિ,
મેં તો સમરું શ્વાસોચ્છ્વાસ;
કહાનકુંવર તેરે કારણે,
મેં તો કરી હું જંગલવાસ. છીરું૦ ૨

છોડ દિયા સંસાર કું,
તેરી નટવર છબી કું દેખ;
બ્રહ્માનંદ કહે સાંવરે,
મેં તો જોગન ધેરુંગી ભેખ. છીરું૦ ૩

- સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી

વહેમ અને અંધશ્રદ્ધાનું નિર્મૂલન

- સ્વામી માધવપ્રિયદાસજી

ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોને નિર્વ્યસની બનાવી આર્થિક રીતે સમૃદ્ધ કર્યાં હતા, એ જ રીતે એમણે લોકોને વહેમો અને અંધશ્રદ્ધામાંથી મુક્ત કરી નિર્ભય બનાવ્યા હતા.

એ જમાનો મંત્ર-તંત્ર, કામણ-ટૂમણનો હતો. ધૂતારા લોકો જાદૂ જેવા ખેલ કરીને લોકોને ભરમાવતા, મલિન મંત્ર-તંત્ર દ્વારા લોકોને ભયભીત કરતા, કામણ-ટૂંમણ દ્વારા લોકોને છેતરીને ધન ભેગું કરતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્ઞાનવાર્તાઓ દ્વારા આ અંધશ્રદ્ધાને નિર્મૂળ કરી હતી. એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણે સભામાં કારિયાણીના મહાન ભક્ત માંચા ખાચરને યાદ કરીને કહ્યું હતું કે, "ભગવાનના ભક્તને જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ ન આવે. હરિભગત હોય અને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે, એને અરધો વિમુખ જાણવો."

"કારિયાણીના માંચા ભક્ત સત્સંગ થયા મોર્ય પણ બાળબ્રહ્મચારી હતા. એકવાર કોઈ કીમિયાવાળો એમને ઘેર ઉતર્યો. એણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું અને બોલ્યો, "તમે સદાવ્રતી છો માટે ત્રાંબામાંથી રૂપું કરવાનો આ કીમિયો તમને બતાવું. સદાવ્રત ચલાવવામાં તમને કામ લાગશે."

"કીમિયાગરની વાત સાંભળી માંચા ખાચરે હાથમાં લાકડી લીધી અને એને ગામ બહાર કાઢી મૂક્યો. ત્યારપછી એ રામાનંદ સ્વામીના જોગમાં આવ્યા અને પરમ એકાંતિક સત્સંગી થયા." (વચનામૃત-ગ.મ.૩૮)

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં જ્ઞાનવાર્તા કરતા કહ્યું કે, "કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે. જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને ભગવાન કાંઈ ચમત્કાર દેખાડે કે ન દેખાડે, તો પણ બીજે ક્યાંય જંત્ર-મંત્રવાળા કે પરચા-ચમત્કાર દેખાડનારાઓમાં પ્રતીતિ આવે જ નહિ." (ગ.મ.-૬૬)

વહેમ અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે દેશદેશાંતરમાં વસતા ભક્તો ઉપર એક પત્ર લખાવ્યો હતો, જેનો સાર નીચે પ્રમાણે હતો.

"સમસ્ત જગતના કર્તાહર્તા ભગવાન નારાયણ છે. તમામ પ્રકારના દેવતાઓ નારાયણને આધીન છે. નારાયણથી પર કોઈ નથી. જે જીવ ભગવાન નારાયણનો આશ્રય કરે છે એને કોઈ દેવી-દેવતા પીડી શકતા નથી."

"જીવન-મરણ હરિનો હાથ છે, મંત્ર-તંત્ર જાણનારાઓના હાથમાં નથી, માટે નિર્ભય થઈને નારાયણનું શરણું લેવું. જો મંત્ર-તંત્રથી બીજાને મારી શકાતા હોય, તો મોટા મોટા રાજાઓએ લશ્કર શા માટે રાખવા પડે?"

"જે જીવ પવિત્રપણે જીવન જીવી હરિસ્મરણ કરે છે, એને નવ ગ્રહ નડી શકતા નથી. કોઈ મલિન મંત્ર-તંત્ર, ભૂત-પ્રેત વગેરે એને પીડી શકતા નથી. સાચી વાત તો એ છે, કે આ બધાં મલિન તત્ત્વો ભગવાનના ભક્તથી જોજનો દૂર ભાગે છે."

શ્રીમદ્ ભાગવત અને રામાયણમાં પણ આ જ વાત કહેવામાં આવી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આવા ઉપદેશોથી પ્રજા નિર્ભય બની હતી. એમની અંધશ્રદ્ધા સાચી શ્રદ્ધામાં પરિવર્તિત થઈ હતી. એમના વહેમો દૂર થયા હતા.

તેઓ દેવી-દેવતાઓના જંગલમાંથી બહાર આવીને સર્વ કારણના કારણ એવા એકમાત્ર ભગવાન નારાયણનું ભજન કરવા લાગ્યા હતા. એમની ઉપાસના શુદ્ધ-વૈદિકી એકેશ્વરી ઉપાસના બની હતી. પ્રગટ ભગવાનની પ્રાપ્તિના કેફથી તેઓ નિશ્ચિંત, નિર્ભય અને નિષ્ફિકર બન્યા હતા.

આવા નિશ્ચિંત અને નિર્ભયપણાનો આ પ્રસંગ આપણા જીવનમાં પણ ખૂમારી ભરી દે તેવો છે.

મંત્રેલા અડદનું શાક કર્યું !

ગઢપુરમાં ખીમા સુથાર હતા. તેઓ કુશળ કારીગર હતા. એમની લાકડાંની કોતરણીનું કામ ખૂબ વખાણાતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને તુલસી અને સુખડના લાકડાંમાંથી કંઠી-માળા ઉતારવાની સેવા સોંપી હતી.

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું, "ખીમા સુથાર ! આપણે સુખડના લાકડાંમાંથી કંઠીઓ બનાવવી છે. સુરતમાં સુખડ સારું મળે છે, તો તમે ભાવનગરથી વહાણમાં બેસી સુરત જાવ અને પાંચ મણ સુખડ લઈ આવો."

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી ખીમો સુથાર ભાવનગર ગયા, ત્યાંથી વહાણમાં બેઠા. વહાણ દરિયાઈ માર્ગે આગળ વધ્યું.

વહાણમાં માણસોની ભીડ સારી એવી હતી; કોલાહલ થતો હતો, ખીમા સુથારે વહાણના એકબાજુના ખૂણામાં બેસી સ્વામિનારાયણ મહામંત્રની માળા જપવી શરૂ કરી.

આ વહાણમાં એક બ્રાહ્મણ હતો, તે કામણ-ટૂમણીયો હતો. કહેવાય છે કે એણે મલીન-મંત્રોથી કંઈક દેવી-દેવતાઓને સાધ્યા હતાં.

ખીમા સુથારના કપાળમાં તિલક-ચાંદલો, ગળામાં કંઠી અને હાથમાં માળા જોઈ બ્રાહ્મણને કૂતુહલ થયું. મનમાં થયું, 'આ ટીલવો ક્યા પંથનો હશે ? હું આને મારા મંત્રોથી વશ કરું.'

આમ વિચારી એ માંત્રિક બ્રાહ્મણ ખીમા સુથારની પાછળ થોડે દૂર બેઠો અને જાતજાતના મંત્રો બોલી ખીમા સુથાર ઉપર અડદ છાંટવા લાગ્યો !

ખીમા સુથાર શાંત ચિત્તે માળા ફેરવી રહ્યા હતા. બ્રાહ્મણના મંત્રોનો કોઈ પ્રભાવ એના ઉપર વર્તાતો ન હતો. બ્રાહ્મણ પોતાનાં મંત્રોની નિષ્ફળતા ઉપર ભારે આશ્ચર્ય અનુભવી રહ્યો હતો. તેજોવધ થયેલા બ્રાહ્મણે મારણમંત્રોનો પ્રયોગ કરી ખીમા સુથાર ઉપર અડદ છાંટ્યા, પણ ખીમા સુથાર તો જેમના તેમ શાંતિથી માળા કરતા રહ્યા. માંત્રિક બ્રાહ્મણ હતપ્રભ બની ગયો !

આખરે ખીમા સુથારનું માળાનું નિયમ પૂરું થયું. એમણે આંખો ખોલી, તો ચારે બાજુ અડદ વેરાયેલાં જોયા. ખીમા સુથારે હળવે હાથે અડદ ભેળા કર્યા અને પોતાની પાઘડીના છેડે બાંધ્યા. બ્રાહ્મણને આશ્ચર્ય થયું કે, 'આ ટીલવો મંત્રેલા અડદનું શું કરશે ?' એનાથી રહેવાયું નહીં એટલે પૂછ્યું, "ભાઈ ! આ અડદનું તું શું કરીશ ?"

ખીમા સુથારે હસીને કહ્યું, "મારો ભગવાન બહુ દયાળુ છે ! એણે સુરત પહોંચતા પહેલા મારાં ભોજનની વ્યવસ્થા કરી દીધી. આ અડદની હું ખીચડી બનાવીશ અને નિરાંતે જમીશ !"

ખીમા સુથારની વાત સાંભળી બ્રાહ્મણ તો આભો જ બની ગયો.

વહાણ સુરત બંદરે લાંગર્યું. બધા મુસાફરો નીચે ઉતર્યા. ખીમા સુથારે એક ધર્મશાળામાં ઉતારો કર્યો. યોગાનુયોગ પેલો બ્રાહ્મણ પણ ત્યાં જ ઉતર્યો હતો.

ખીમા સુથારે પેલા મંત્રેલા અડદની ખીચડી કરી અને બ્રાહ્મણ દેવતાને કહ્યું, "હાલો, તમે પણ મારી સાથે ખીચડી જમો !"

બ્રાહ્મણને પોતાનાં જ મંત્રેલાં અડદની ખીચડી ખાવામાં ભારે ભય લાગ્યો, એણે ટૂંકો જવાબ દીધો, "હું બ્રાહ્મણ છું એટલે તમારા હાથનું રાંધેલું મને નહીં ખપે."

આટલું કહી બ્રાહ્મણ બોલ્યો, "ભાઈ ! તને જો મારી આ વાત મનાય, તો તું આ ખીચડી ખાઈશ નહીં. એ તારું શરીર નીચોવી નાખશે અને ધનોત-પનોત કાઢશે."

ખીમા સુથારે આશ્ચર્યભરી નજરે બ્રાહ્મણ સામે જોઈને પૂછ્યું, "શા માટે ?"

બ્રાહ્મણ બોલ્યો, "આ અડદ ભયંકર મારણમંત્રોથી મંત્રેલાં છે."

ખીમા સુથાર હસવા લાગ્યા અને બોલ્યા, "અમારો રાખણહાર જબરો છે. આ મંત્રતંત્રથી અમને કાંઈ ના થાય." આમ બોલી, નિરાંતે ખીચડી ખાવા લાગ્યા.

પેલા બ્રાહ્મણને થયું, નક્કી આણે મારા દેવ કરતાંય મોટા દેવને સાધ્યા છે, નહીંતર આમ ન બને ! એણે ખીમા સુથારને નિખાલસભાવે બધી વાત કરી અને કહ્યું, "મારાં મંત્રો ક્યારેય નિષ્ફળ ગયા નથી, પણ તારી પાસે મારા મંત્રોનું કાંઈ ચાલ્યું નથી, માટે મને લાગે છે કે તારા ઉપર કોઈ મોટા દેવનો હાથ છે."

ખીમા સુથારે હસીને મર્મમાં કહ્યું, "ભૂદેવ ! તમારી વાત સાચી છે. મને મોટામાં મોટા દેવ મળ્યા છે, એટલે મંત્રતંત્ર મારું કાંઈ બગાડી ન શકે !"

બ્રાહ્મણે કહ્યું, "એ કોણ છે ?"

ખીમા સુથારે કહ્યું, "એની વાત સાંભળવી છે કે નજરોનજર દર્શન કરવા છે ?"

બ્રાહ્મણે કહ્યું, "નજરોનજર દર્શન થાય તો વધારે સારું."

ખીમા સુથારે કહ્યું, "તો હાલો મારી હાર્યે. હું તમને મોટા દેવના દર્શન કરાવું."

બ્રાહ્મણને સાથે લઈ ખીમા સુથાર ગઢપુર આવ્યા. બ્રાહ્મણને મહારાજનાં દર્શન કરાવ્યાં. મહારાજે બ્રાહ્મણને દિવ્ય તેજોમયરૂપ દર્શન દીધું.

બ્રાહ્મણે કહ્યું, "મહારાજ ! મને તમારી સેવામાં જ રાખો અને સાધુ કરો."

મહારાજે કહ્યું, "ભૂદેવ ! અમારા પરમહંસો સત્ત્વગુણી છે, તમારા જેવા મલિન મંત્રતંત્રવાળાને અમે સાધુ કરતા નથી. જો તમે તમારા મલિન મંત્રો અને મલિન દેવોનો ત્યાગ કરો, તો જ અમે તમને સાધુ કરીએ."

બ્રાહ્મણે કહ્યું, "મહારાજ ! એ માટે મારે શું કરવું જોઈએ?"

મહારાજે કહ્યું, "ભૂદેવ ! આ મલિન દેવતાઓ કઠગુંદીના ઠળિયા જેવા હોય છે. એના પનારાથી છૂટવું એ કઠણ કામ છે. તમે છ મહિના સુધી સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરો અને તપ કરો, ત્યારે માંડ એનાથી છૂટશો."

ભૂદેવે ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે છ મહિના સુધી કઠિન તપશ્ચર્યા કરી, સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કર્યું અને મલિન મંત્રો અને મલિન દેવોથી છૂટકારો મેળવ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે એમને સાધુ કર્યા, 'શૂન્યાતીતાનંદ સ્વામી' નામ પાડ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસોના વૃંદમાં શૂન્યાતીતાનંદ સ્વામી મોખરાનું સ્થાન ધરાવતા હતા.

મંત્રતંત્રની વાત આજે હાસ્યાસ્પદ લાગે, પરંતુ એક સમય હતો જ્યારે આવી સાધનાઓ ભરપૂર માત્રાઓમાં થતી. આશ્ચર્યની વાત તો એ છે કે વિશ્વના વર્તમાન સર્વ ધર્મોમાં આ વાત વત્તે-ઓછે અંશે સર્વત્ર પ્રચલિત હતી.

સાધનાના ત્રણ પ્રકારો છે- સાત્ત્વિક, રાજસ અને તામસ.

સાત્ત્વિક સાધના આત્મિક ઉન્નતિ માટે થાય છે. રાજસ સાધના જાતજાતના મનોરથો પૂર્ણ કરવા થાય છે અને તામસ સાધના બીજાને હેરાન, પરેશાન, ભયભીત કરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે થાય છે.

મોટાભાગે આવી સાધનાઓ મનોવિજ્ઞાન સાથે સંકળાયેલી છે. અજ્ઞાની, ભોળા અને નબળા મનના માણસો ઉપર આનો વિશેષ પ્રભાવ રહે છે. જોકે મોટાભાગે તો આવી સાધનાઓને નામે દંભ અને પાંખડ જ ચાલતા હોય છે. છતાં આવી સાધનાથી પ્રાપ્તિ થતી શક્તિઓનો ઇન્કાર પણ થઈ શકે એમ નથી. સદ્‌ભાગ્યે સમયના પ્રભાવે આ સાધનાઓ હવે 'આઉટ ઓફ ડેટ' બનેલી છે.

લોખંડથી લોખંડ કપાય એમ માનસિક તૂતોનું સમાધાન માનસ શક્તિથી જ થાય, બુદ્ધિ કે તર્કોથી ન થાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશોનું મનોવિજ્ઞાન અદ્‌ભૂત હતું. એમણે લોકમાનસમાં એક વાત દૃઢ કરી કે "સર્વ દેવી-દેવતાઓ ભગવાન શ્રીહરિને આધીન છે. શ્રીહરિનો આશ્રય કરે એનું કોઈ કાંઈ બગાડી શકતું નથી. સાત્ત્વિક શ્રદ્ધાથી ભરપૂર માણસોને મલીન તત્ત્વો નવ ગજ દૂરથી જ નમસ્કાર કરે છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશોથી આશ્રિતોના મનોબળ મજબૂત બન્યા હતા અને તેઓ નિર્ભય રીતે વિહરતા હતા.

માણસની વાત કરીએ તો...

માણસ છળી રહ્યો છે, માણસ ટળી રહ્યો છે;
માણસ ગળી રહ્યો છે, માણસ પડી રહ્યો છે.
માણસ વળી રહ્યો છે, માણસ ઢળી રહ્યો છે;
માણસ સરી રહ્યો છે, માણસ મરી રહ્યો છે.
માણસ દડી રહ્યો છે, માણસ ફરી રહ્યો છે;
માણસ જલી રહ્યો છે, માણસ નડી રહ્યો છે.
માણસ ભળી રહ્યો છે, માણસ હરી રહ્યો છે;
માણસ દળી રહ્યો છે, માણસ ખરી રહ્યો છે.
શબ્દમાં માણસ ફરે છે,
કક્કાનાં બધા જ મ્હોરા પેરે છે;
તો ય એ વેત વધતો રહે છે...
માણસ માણસ લડે છે,
સદાય તેનું અંતર બળે છે;
તો એ તેની વૃત્તિ ન ટળે છે.
જીવવું થોડું ને ફજેતો ઝાઝો,
એકલું જાવું ને લબાયો ઝાઝો;
અંત સમયનો મેલે મલાજો...
ભેળું કરતા ન એ લાજ્યો,
જુવાનીએ એ ખૂબ ગાજ્યો;
બુઢ્ઢાપાએ અંગ અંગ દાજ્યો...
'હરદાસ' સમજ્યા જેવો છે સાર,
હૈયે પ્રભુના ચરણો ધાર;
થૈ જાય જીવન બેડો પાર...

- હરદાસભાઇ સાવલીયા (જેતપુર)

ભક્ત ચરિતમ્

જેઠા મહારાજ - ગોંડલ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

ગોંડલ રાજ્યનું નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું છે. ગોંડલના ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ રાજવીઓએ લોકોના મન જીતી લીધા હતા. આજે પણ લોકો એ રાજવીઓના નામ લઈને ધન્યતાનો અનુભવ કરે છે.

લોકોની લોકચાહના પ્રાપ્ત કરનાર ગોંડલના રાજવંશ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોની સદૈવ પૂર્ણ કૃપા રહી. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથમાં ગોંડલના રાજવીઓના દિવ્ય પ્રસંગો સુંદર રીતે વર્ણવ્યા છે.

કુંભાજીના સુપુત્ર સંગ્રામજી થયા, સંગ્રામજીને ચાર પુત્રો હતા- મૂળુજી, દેવોજી, હઠીજી અને ભાવસિંહજી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં ગોંડલની ગાદી ઉપર દેવોજી રાજ્ય કરતા હતા.

હઠીજી ગોંડલના સેનાપતિ હતા અને ધોરાજીમાં રહેતા. ધોરજીમાં પધારેલા રામાનંદ સ્વામીના યોગમાં આવવાથી હઠીજી સત્સંગી થયેલા. હઠીજીએ મહારાજા દેવોજીને પણ સ્વામીનો સંગ કરાવી સત્સંગી કરેલા.

રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી ગોંડલ નરેશ દેવાજીએ ભગવાન શ્રીહરિને ભારે ધામધૂમથી ગોંડલ પધરાવ્યા હતા. ભગવાન શ્રીહરિ ગોંડલના કૈલાસ બાગમાં પારસ પીપળા નીચે ઉતર્યા હતા. ત્યાર પછી શ્રીજી મહારાજ અનેક વખત ગોંડલમાં પધાર્યા છે, ગોંડલી નદીમાં અનેકવાર સ્નાન કર્યું છે. અહીં અનેક સ્થાનો પ્રસાદીનાં છે.

ગોંડલ નરેશે અહીં શ્રીહરિના હસ્તે શાકોત્સવ કરાવ્યો હતો. આ શાકોત્સવમાં શ્રીહરિએ આઠ મણ રીંગણાને આઠ મણ ઘીમાં વઘાર્યા હતા. ઉપરાંત, જાત-જાતના મરી-મસાલા નાખ્યા હતા.

દરબાર દેવોજી પોતાના સુપુત્રો નથુજી, કાનોજી, મોતીજી અને ભાણાજીને સાથે લઈને મહારાજના દર્શન માટે બાગમાં પધાર્યા. દરબાર દેવોજીએ મહારાજને વંદન કર્યા અને ચારેય પુત્રોને પણ પગે લગાડ્યા.

મહારાજે પૂછ્યું, "દરબાર! આ કોના કુંવરો છે?"

દરબાર દેવોજી બોલ્યા, "મહારાજ! આ ચારેય કુંવર આપની કૃપાથી થયા છે. માટે ચારેય આપના જ છે."

મહારાજે હસીને મોતીજી અને ભાણાભાઈ, બેય કુમારોના મસ્તક ઉપર હાથ મૂક્યો અને રહસ્યભરી ભાષામાં કહ્યું, "દરબાર! આ બે કુંવર અમારા થશે અને બીજા બે તમારા થશે."

મહારાજના આશીર્વાદથી મોતીજી અને ભાણાભાઈ ખૂબ સારાં સત્સંગી થયા હતા.

દરબારોમાં દીકરીને દૂધ-પીતી કરવાનો કુરિવાજ ચાલ્યો આવતો હતો. ભગવાન શ્રીહરિએ ગોંડલ નરેશ દેવાજીને ઉપદેશ આપીને ગોંડલ રાજ્યમાં એ કુરિવાજ બંધ કરાવ્યો હતો.

વિ. સં. ૧૮૬૮ માં દરબાર દેવોજી અક્ષરવાસી થયા પછી તેમના સુપુત્ર નથુજી ગાદીએ આવ્યા હતા, પરંતુ માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં તેઓ સ્વર્ગવાસી થયા હતા.

ત્યાર પછી નથુજીના ભાઈ કાનોજી ગાદીએ બેઠા. તેઓએ સાત વર્ષ રાજ ભોગવ્યું અને તેઓ પણ સંવત્ ૧૮૭૮ માં સ્વર્ગવાસી થયા. ત્યાર પછી ભગવાન શ્રીહરિએ જેમના મસ્તક ઉપર હાથ મેલીને આશીર્વાદ આપ્યા હતા, તે મોતીજી ગાદીએ બેઠા. તેઓએ વિ. સં. ૧૮૯૭ સુધી દીર્ઘકાળ પર્યંત ગોંડલનું રાજ્ય કર્યું હતું.

ત્યારબાદ ભાણાભાઈ ગાદીએ આવ્યા. તેમણે ૧૯૦૭ સુધી રાજ્ય કર્યું. ભાણાભાઈ પછી સંગ્રામસિંહજીએ રાજ્ય કર્યું અને ત્યારબાદ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ જેમને પ્રાપ્ત થયા હતા, તેવા વિશ્વભરમાં પ્રસિદ્ધ મહારાજા ભગવતસિંહજીએ ગોંડલની ગાદીને શોભાવી.

આ બધા રાજાઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણ, એમના પવિત્ર સંતો અને આચાર્યોને ગોંડળમાં અનેકવાર પધરાવીને સેવાસમાગમ કરી ખૂબ આશીર્વાદ મેળવેલા. ગોંડલમાં રાજ્ય દ્વારા જ ભવ્ય શિખરબદ્ધ મંદિરનું નિર્માણ થયું, જેનાથી સત્સંગની ખૂબ અભિવૃદ્ધિ થઈ.

ગોંડલનો સત્સંગ

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં ગોંડલમાં ઘણા લોકોએ સત્સંગ સ્વીકાર્યો હતો. રાજપરિવાર ઉપરાંત ક્ષત્રિયોમાં ડોસાભાઈનો પરિવાર અગ્રેસર હતો. આ ઉપરાંત કડિયા જ્ઞાતિનાં મિસ્ત્રી રત્નાભાઈ પણ સત્સંગી હતા. તેઓ શિલ્પશાસ્ત્રમાં કુશળ હતા. રત્નાભાઈએ પોતાની એ કળા મંદિરોના નિર્માણ કરવામાં વાપરી હતી. સેવાભાવી અને નિર્માની સ્વભાવના રત્નાભાઈની કળાને પારખી મહારાજે જ્યારે શિખરબદ્ધ મંદિરો કરવાનો આરંભ કર્યો ત્યારે મુખ્ય કડિયા તરીકે રત્નાભાઈને બોલાવતા. રત્નાભાઈએ જૂનાગઢ, ગઢડા અને મૂળી આ ત્રણ મહામંદિરોના બાંધકામમાં પોતાની સેવા આપી હતી. આ સેવાકાર્યમાં એમના પુત્ર જેઠાભાઈ પણ જોડાયા હતા. મહારાજ તથા સંતો રત્નાભાઈની નિસ્વાર્થ સેવાને લીધે ખૂબ પ્રસન્ન થયા હતા.

આ ઉપરાંત જીવરામભાઈ, પ્રાગજીભાઈ સુતાર, વિપ્ર જેઠા મહારાજ, રૂડા શેઠ, રાઘવજી, અજાભાઈ, નારાયણભાઈ વગેરે મોટી સંખ્યામાં ભક્તજનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય સ્વીકાર્યો હતો. આ તમામ ભક્તોમાં વિપ્રકૂળમાં જન્મેલા જેઠા મહારાજે શ્રીહરિ તથા સંતોનો ખૂબ રાજીપો મેળવેલો.

સત્સંગનો રંગ

ગોંડલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતોના કૃપાપાત્ર ઘણા હરિભક્તોમાંના એક હતા જેઠા મહારાજ. જ્ઞાતિએ ગૌડ બ્રાહ્મણ, બુદ્ધિ જાડી એટલે ભણેલ નહીં અને ઠરેલ પણ નહીં. તેથી જ જેઠા મહારાજ 'જેઠા' તરીકે પંથકમાં ઓળખાતા.

બ્રાહ્મણનો દેહ અને પાછા અભણ એટલે રોજગારીનું ઠેકાણું ન પડે. પણ ભગવાને જેઠા મહારાજને એક જબરો ગુણ આપ્યો હતો. એને રસોઈ બનાવવાતા ખૂબ સરસ આવડતી અને એમાં રસ પણ પડતો. ગોંડલ આખામાં સ્વાદિષ્ટ રસોઈ બનાવવામાં જેઠા મહારાજ અજોડ હતા અને પંથકમાં એનું નામ વખાણાતું. રાજપરિવારમાં પ્રસંગોપાત્ જેઠા મહારાજ રસોઈ પણ બનાવતા.

એક સમયે હઠીસિંહજી તથા ગોંડલ નરેશ દેવોજીનું આમંત્રણ સ્વીકારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને સાથે લઈ ગોંડલ પધાર્યા. ગોંડલમાં મહારાજનું ભવ્ય સવાગત કરવામાં આવ્યું. રાજ્યના બગીચામાં આવેલા મોટા બંગલામાં મહારાજનો ઉતારો રાખવામાં આવ્યો.

બીજા દેવસે હઠીસિંહજીએ મહારાજને વિનંતી કરતા કહ્યું, "મહારાજ ! રીંગણા બહુ સારા થયા છે, માટે થાળમાં રીંગણાનું શાક કરીએ."

મહારાજે હા પાડી એટલે રીંગણા લાવવામાં આવ્યા. મહારાજે પોતે આઠ મણ રીંગણાને આઠ મણ ઘીનો વઘાર કરી વઘાર્યા. તજ, એલચી, લવીંગ વગેરે મશાલા નાંખીને કરેલા વઘારની સોડમ ચારેકોર પ્રસરી ઉઠી.

રસે ભર્યા શાક જમતા અને સંતો-ભક્તોની પંગતમાં પીરસતા હરિવરની લટકાળી મૂર્તિનું પાન કરતા સહુ જમતા હતા, પરંતુ થોડે દૂર ઉભેલી એક વ્યક્તિ તો એ હરિવરની મૂર્તિને જ નીરખી રહી હતી અને જાણે ષડ્રસની મોજ આવતી હોય એમ મીણનું પૂતળું થઈને ઊભી હતી. એ વ્યક્તિ હતા ગોંડલના પ્રસિદ્ધ રસોયા જેઠા મહારાજ.

રાજ તરફથી શ્રીજી મહારાજ માટે વ્યવસ્થા કરાયેલી હતી, તેમાં જેઠા મહારાજને રસોડાની જવાબદારી સોંપવામાં આવી હતી. જેઠા મહારાજની સુંદર રસોઈ કરવાની આવડત અને દોડી દોડીને સેવા કરતા હોવાથી મહારાજ અને મોટા સંતો એમના ઉપર ખૂબ જ રાજી થતાં હતા.

ધીરે ધીરે જેઠા મહારાજને મહારાજ અને સંતોનો પરિચય વધવા લાગ્યો અને મન મળવા લાગ્યું. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતોની ઉત્તમ રીતભાત અને અખંડ ભજન-ભક્તિ પરાયણ સાધુતા જોઈને તેના હૃદયમાં શાંતિ થવા લાગી. એમાં પણ જ્યારે કથાવાર્તાનો પ્રસંગ નીકળે ત્યારે તો જેઠા મહારાજ ઉતાવળે હાથે દરેક કામ પતાવી કથા સાંભળવા પહોંચી જતા. ધીરે ધીરે જેઠા મહારાજનું હૃદય સત્સંગના રંગથી રંગાવા લાગ્યું. હરિવરના હાથે કંઠી બાંધી સત્સંગી થયા.

હવે જેઠા મહારાજ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત થયા, પણ ભગતને અને જગતને વેર થયું. પોતાની જ જ્ઞાતિના બીજા ગૌડ બ્રાહ્મણો જેઠા મહારાજ

સાથે દ્વેષ રાખતા થયા. એને 'તું અભણ છે, બુદ્ધિહીન છે, ભોળો છે, શાસ્ત્રમાં તને કાંઈ ખબર ન પડે એટલે ગાડરિયા પ્રવાહની પેઠે જ્યાં-ત્યાં દોડ્યા કરે છે.' આમ એલફેલ બોલી ગમે તેવા પ્રશ્નો પૂછી કેટલાક લોકો હરવખત હાંસી-મશ્કરી કરવા લાગ્યા, 'જેઠિયો... જેઠિયો...' કહીને બોલાવા લાગ્યા અને અનેક પ્રકારે હેરાન પરેશાન કરવા લાગ્યા.

પરંતુ જેઠા મહારાજ જગતની રીત જાણતા હતા, તેથી એમની ભક્તિમાં ઓટ ન આવી, રંગ ચડતો ને ચડતો રહ્યો. હવે તો એમનું અંગ સાધુના જેવું થઈ ગયું હતું. રાત્રિ-દિવસમાં જરા પણ વ્યર્થ સમય ગુમાવ્યા વિના પૂજા-પાઠ, સ્તુતિ-પ્રાર્થના, ધ્યાન-ભજન, સ્મરણ-ચિંતન અને પ્રભૂનાં પૂનિત લીલા ચરિત્રોના મનનમાં જ જેઠા મહારાજનો સમય વ્યતિત થવા લાગ્યો.

જેઠામાંથી જેઠા મહારાજ !

પોતાના ઈષ્ટદેવને વિશે જ્યારે સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય છે, ઉપાસનાનું બળ વધે છે ત્યારે જગતની તમામ વિપરિત શક્તિઓ સામે લડી લેવા મન બળવો પોકારે છે. એ બળવામાં ભક્તિ નવી ઉર્જા પૂરી પાડે છે. સાધનામાં આવતા વિઘ્નો, નિંદા, ખોટી રીતે થતી અપકીર્તીથી સાચો ભક્ત પોતાનું ધ્યેય ક્યારેય ભૂલતો નથી.

પોતાના જ કહેવાતા લોકો તરફથી પડતી મુશ્કેલીઓ સામે જેઠા મહારાજ કોઈ પ્રકારની અકળામણ અનુભવ્યા વિના ખૂબ શાંત ચિત્તે મહારાજની મૂર્તિને સંભારતા સત્સંગનો દિવ્ય આનંદ માણી રહ્યા છે. પોતાને વિશે લોકો ગમે તેવી વાતો કરે, તેની જેઠા મહારાજને કોઈ ચિંતા નથી, પરંતુ દ્વેષ કરનારા મહારાજ અને સંતોનું ઘસાતું બોલે, નિંદા કરે એ જેઠા મહારાજથી સહન નથી થતું. એ સમયે એમના મનમાં સંકલ્પ થતો કે 'જો હું શાસ્ત્રો ભણ્યો હોત, તો આ લોકોને જડબાતોડ જવાબ આપી શકત અને એ કુબુદ્ધિઓની ભ્રમણા દૂર કરી શકત.' પણ પોતે અભણ હોવાથી એ વાત શક્ય નહોતી.

એક વખત શ્રીજી મહારાજ ગોંડલ પધાર્યા હતા. મોટા મોટા ઘણા સદ્‌ગુરુ સંતો પણ સાથે હતા. ગોંડલ દરબારે મહારાજનું ધામધૂમથી સ્વાગત કર્યું. જેઠા મહારાજનું હૃદય તો હરિવરના દર્શન કરી આનંદથી નાચી ઉઠ્યું. બપોરનો સમય થયો એટલે મહારાજ તથા સંતો જમ્યા. એ વખતે જેઠા મહારાજે મહારાજને વિનંતી કરતા કહ્યું, "મહારાજ ! આ દાસની એક વિનંતી છે."

મહારાજ કહે, "બોલો બોલો જેઠા મહારાજ !"

"મહારાજ ! સાંજનું ભોજન મારા હાથનું જમાડવું છે, જમશો ને ?"

મંદ મંદ હસતા મહારાજે જેઠા મહારાજનું આમંત્રણ સ્વીકારતા કહ્યું, "અમે જરૂર આવીશું."

મહારાજની હા સાંભળતા તો જેઠા મહારાજ આનંદમાં આવી દોડતા તૈયારી કરવા ચાલ્યા ગયા.

જગતની દૃષ્ટીએ એક અણઘડ ગણાતો જેઠીયાના પૂર્વ સંસ્કારો આજે સોળે કળાએ ખીલ્યા હતા. મન-કર્મ અને વચનથી સંસ્કારી જેઠા મહારાજના સર્વ કાર્યોની સિદ્ધિ આજે એમને પ્રાપ્ત થવાની હતી. કારણ કે આજે અનંત ભૂવનોનો સ્વામી એમના હાથની રસોઈ જમવાના હતા.

સૂર્ય પશ્ચિમે ઢળ્યો. આકાશમાં સંધ્યાના રંગો પૂરાયા. આકાશની એ રંગોળી જાણે જેઠા મહારાજના હૃદયની ભાવનાને રજૂ કરતી મહારાજના સ્વાગત માટે તત્પર થઈ હતી. જેઠા મહારાજના ઘરની ઓસરીમાં પાટલા ઢળાયા. ઠંડા જળના લોટા ભરાયા. ભાવભીના હૈયે પોતાની તમામ આવડતને કામે લગાવી ભાવતા ભોજન તૈયાર થયા. હૈયાના હેત આંગણામાં પથરાયા.

પ્રાણઆધારાર જમવા પધાર્યા. જેઠા મહારાજને તો હરખ માતો નથી. હરખતે હૈયે મહારાજને દોડી દોડી પીરસવા લાગ્યા અને મહારાજ જેઠાની ભાવના સ્વીકારવા લાગ્યા. આજે જમનારા પણ થાકતા નથી અને પીરસનારા પણ થાકતા નથી. મહારાજ જમ્યે જાય છે અને જેઠા મહારાજ પીરસ્યે જાય છે.

છેવટે ભોજન પૂરું થયું. મહારાજ ચળું કરી ઊભા થયા. મુખવાસ અંગીકાર કરતાં મહારાજે કહ્યું, "જેઠા મહારાજ ! તમારા કુટુંબમાં કેમ કોઈ સત્સંગી નથી ?"

જેઠા મહારાજે મોટો નિસાસો નાંખ્યો. પછી કહે, "મહારાજ ! અમારા બ્રાહ્મણ કુળમાં ખોટું જ્ઞાન પેસી ગયું છે, મેં ઘણાય પ્રયત્નો કર્યા, પણ એમના તર્ક સામે મારી જેવો અભણ ટકી નથી શકતો. અને મહારાજ ! એના તર્કોનું સમાધાન ન થતાં મારે નીચાજોણું પણ થાય છે."

મહારાજ મંદ મંદ હસવા લાગ્યા અને શ્રાવણની વાદળી વરસે એમ કરૂણાભીનો કાન જેઠા મહારાજ ઉપર વરસી પડ્યા...

"સરસ્વતી તુજ મુખે વસાશે, વિવાદ મધ્યે તુજ જીત થાશે."

"જેઠા ! આજથી વાદવિવાદમાં તમને કોઈ નહિ પહોંચી શકે. ગમે તેવો મોટો વિદ્વાન હશે, તેના પ્રશ્નોના

પણ તમે યથાર્થ ઉત્તર આપી શકશો. તમે આખા ગામના અદા કહેવાશો. ગામમાં તમને કોઈ તુંકારે પણ નહિ બોલાવી શકે.''

"પછી થયો ભાષણકારી કેવો, પૂરો મહાપંડિત હોય તેવો; છ શાસ્ત્રવેત્તા કદી કોઇ હોય, તે વિપ્રને જીતી ન શકે તોય. જે જેહિયો નામથી ઓળખાતો, જેહો મહારાજ પછી ગણાતો."

(હરિલાલીમૃત : ૧/૭)

સમય જતાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી જેઠાના ભાગ્યે પલટો લીધો. તેમણે બોલેલા વચનનો વજન વધવા લાગ્યો. ધીમે ધીમે લોકો તેમના તરફ આકર્ષાવા લાગ્યા. જેઠિયો... જેઠિયો... કહીને બોલાવનારા હવે જેઠા મહારાજ કહીને બોલાવવા લાગ્યા.

હવે તો જેઠા મહારાજ પૂછાયેલા પ્રશ્નોના એવા વળતા જવાબો આપતા કે સાંભળનારના મોંઢા પહોળા જ રહી જતા. તેમની ઉત્તર આપવાની અદ્‌ભુત શક્તિ જોઈને સૌ લોકો તેમને અદા કહીને બોલાવવા લાગ્યા. જે જેઠા મહારાજને કાંઈપણ બોલતાં આવડતું નહોતું તે મોટા વિદ્વાનની પેઠે ભાષણ કરવા લાગ્યા. તુલસીકૃત રામાયણની કથાની સાથે સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સાધુઓનો એવો મહિમા વર્ણવતા કે સંપ્રદાય તરફ અજ્ઞાનને લીધે જે કેટલાક લોકોને અણગમો હતો તે દૂર થયો.

ગોંડળની આમ જનતાની સાથે રાજપરિવાર ઉપર પણ જેઠા મહારાજના સત્સંગની ભારે અસર પડી. સત્સંગીઓમાં તથા રાજકુટુંબમાં સત્સંગ તરફ શુભનિષ્ઠા વૃદ્ધિ પામતી જોઈને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વારંવાર ગોંડળ પધારતા અને કથાવાર્તાનું દિવ્ય સુખ આપતા. રાજકુટુંબના દરબાર શ્રી મોતીભાઈ, ભાણાભાઈ, સંગ્રામજીબાપુ વગેરે રાજવીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસકો થયા. આ રીતે જેઠા મહારાજ દ્વારા ગોંડલમાં સત્સંગના ઊંડા પાયા નંખાયા.

જેઠા મહારાજનો કથાપ્રેમ

જગતમાં જન્મ ધારણ કરનાર ઘણા જીવો દૈવી હોય છે, પરંતુ તેમને કોઈ સંતપુરુષોનો સંગ નહીં મળવાથી, સારો યોગ નહીં સાંપડવાથી પૂર્વ સંસ્કાર જાગૃત થતા નથી. એ જ જીવને જો સત્સંગનો યોગ મળે, સત્પુરુષનો સંગ મળે તો હૃદયમાં પડેલી મુમુક્ષુતા સોળે કળાએ ખીલી ઊઠે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને મોટા સંતોના સંગમાં આવવાથી જેઠા મહારાજ ખેરખરા સત્સંગી થયા હતા. વિદ્વત્તા, નમ્રતા જેવા ગુણોની સાથે મુખેથી વહેતી જ્ઞાનગંગા અને સૂઝ-સમજણના કારણે જેઠા મહારાજે સમગ્ર ગોંડલ અને આજુબાજુના ગામોમાં ખૂબ સત્સંગ કરાવ્યો હતો. એમનો કથાપ્રેમ ગજબનો હતો. એમને સત્સંગ કરવાનો તો ખપ હતો જ, સાથે સાથે સત્સંગ કરાવવાનો પણ ખૂબ ખપ હતો. જ્યારે જ્યારે મહારાજ કે સંતો ગોંડલ પધારવાના હોય ત્યારે જેઠા મહારાજ સ્વયં સત્સંગીઓના ઘરે ઘરે ફરતા અને દર્શન-સત્સંગ કરવા આવવાનું આમંત્રણ આપી આવતા.

"જગતમાં જન્મ ધારણ કરનાર ઘણા જીવો દૈવી હોય છે, પરંતુ તેમને કોઈ સંતપુરુષોનો સંગ નહીં મળવાથી, સારો યોગ નહીં સાંપડવાથી પૂર્વ સંસ્કાર જાગૃત થતા નથી. એ જ જીવને જો સત્સંગનો યોગ મળે, સત્પુરુષનો સંગ મળે તો હૃદયમાં પડેલી મુમુક્ષુતા સોળે કળાએ ખીલી ઊઠે છે."

ગોંડલના સૌ સત્સંગીઓ હમેશાં સવાર-સાંજ પૂજાપાઠ, દેવદર્શન, કથાવાર્તા અને ધૂનકીર્તન વગેરે ધર્મનિયમની દ્રઢ ટેકવાળા થાય તથા લીધેલી ટેક બરાબર સાવધાનતાથી પાળે એ માટે જેઠા મહારાજ સૌની તપાસ રાખતા. જેનામાં કાંઈ ખોટ-ખામી જણાય તેમને એકાંતમાં સ્નેહથી સમજાવીને ભૂલ ઓળખાવતા. સૌ સત્સંગીઓ પણ જેઠા મહારાજની સાચી સલાહ સ્વીકારી નિયમ-ધર્મમાં અડગ શ્રદ્ધા કેળવતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં જૂનાગઢ દેશમાં ઊના, માળિયા અને ગોંડલ એ ત્રણ જગ્યાએ દર શ્રાવણ માસમાં સંસ્કૃત ગ્રંથોની કથા થતી. સદ્‌ગુરુ વિશુદ્ધાત્માનંદ સ્વામી અવારનવાર ગોંડલ પધારતા અને ભાગવતના રહસ્ય સમજાવતા. આ ઉપરાંત સદ્‌ગુરુ રઘુવીરચરણદાસજી, બ્રહ્મચારિ અચિંત્યાનંદજી પણ ઘણીવાર ગોંડળ પધારતા અને સંસ્કૃત ગ્રંથોની કથા કરતા. કથાનો લાભ ગોંડલની આમ જનતાની સાથે રાજકુટુંબના સભ્યો પણ લેતા. એ તમામ કથાઓનું આયોજન કરાવામાં

જેઠા મહારાજ અગ્રેસર રહેતા.

જેઠા મહારાજનાં સદાગ્રહથી ગોંડળમાં શરુ થયેલો આ કથાનો ક્રમ ત્યારબાદ પણ શાસ્ત્રી ધર્મતનયદાસજી, બ્રહ્મચારિ શાન્તાનંદજી અને સદ્‌ગુરુ ગોપીનાથદાસજી વગેરે વિદ્વાન સંતોએ જાણવી રાખ્યો હતો.

ગોપાળાનંદ સ્વામી તેમજ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી જેઠા મહારાજ ગોંડલની આસપાસના લોધિકા, મેંગણી, માખાવડ, ખાંભા, વાગુદડ, કાંગશિયાળી, કાળીપાટ વગેરે ગામોમાં જઈને ત્યાંના ગામધણી દરબારોને રામાયણની કથા સંભળાવતા. જેઠા મહારાજના મુખેથી રામાયણની કથા સાંભળવામાં મેંગણી દરબાર માનસિંહજી, લોધિકા દરબાર જીભાઈ બાપુ વગેરે સર્વને ખૂબ જ રસ પડતો હતો. જેઠા મહારાજે આ બધા દરબારોને ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહીને સત્સંગમાં જોડ્યા હતા. જેને પ્રતાપે આ ગામડાઓના ગામધણીઓ એકાંતિક ભક્તો થયેલા.

ગોંડલની ગાદી તપાવી

જેઠા મહારાજની આવી સત્સંગ દૃઢતાને કારણે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા સંતો એમના ઉપર ખૂબ રાજી થયા હતા. આ રાજીપાને કારણે જેઠા મહારાજને જ્ઞાનયોગ સિદ્ધ થયો હતો.

જેઠા મહારાજ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી દરબારગઢમાં કથા કરવા જતા અને સત્સંગનું પોષણ કરતા રહેતા. દરબાર મોતીભાઈને જેઠા મહારાજના મૂખે કથા સાંભળવી ખૂબ ગમતી, તેથી તેઓ દર એકાદશીએ જેઠા મહારાજને દરબારગઢમાં તેડાવતા અને કથાનું શ્રવણ કરતાં. આ ઉપરાંત દરબારગઢમાં વાર-તહેવારોની ઉજવણી પણ જેઠા મહારાજની ઉપસ્થિતિમાં જ થતી.

ત્યાર બાદ ગાદીએ આવનારા ભાણાભાઈ તથા સંગ્રામસિંહજીને પણ જેઠા મહારાજ સાથે ભારે હેત હતું. તેઓ પણ જેઠા મહારાજને ખૂબ આદર આપતા. જેઠા મહારાજને જુએ એટલે દરબારો ઊંચે સ્વરે 'જય સ્વામિનારાયણ' કહેતા અને 'અદા' કહીને બોલાવતા.

એકવાર દરબાર ભાણાબાપુએ જેઠા મહારાજને પૂછ્યું, "અદા! આ ગોંડલની ગાદી તપતી કેમ નથી?"

અદાએ પોતાની આગવી, હળવી, રમૂજી, હાજર જવાબી શૈલીથી જવાબ દીધો, "બાપુ ! હમણાં ચૈત્ર મહિનો આવશે. ચૈત્રનો તડકો પડશે, એટલે ગાદી તપશે અને ઉપરથી થોડાં નળિયા કાઢી નાખશો, તો સારી પેઠે તપશે."

ભાણબાપુ હસીને કહે, "અદા ! એમ નહિ. ગોંડલની ગાદીએ જે બેસે છે, તે થોડા વખતમાં ચાલ્યા જાય છે. લાંબા સમય સુધી કોઈ ગાદી ભોગવતું નથી. દરબાર નથુજી, કાનોજી, મોતીજી વગેરે અમારા પૂર્વજ થોડો સમય ગાદી ભોગવી સ્વર્ગવાસી થઈ ગયા. આવું કેમ થાય છે?"

જેઠા મહારાજે ઠાવકું મોઢું રાખીને કહ્યું, "તો એમ કહોને કે તમારે લાંબો સમય ગાદી ઉપર બેસીને ગાદી તપાડવી છે ! બાપુ ! જો તમારે ગાદી તપાડવી હોય કે ગાદી શોભાડવી હોય, તો તમે ગામ વચ્ચે ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર કરાવો અને એમના સાધુઓને ઉતરવાની ધર્મશાળા કરાવો, તો ગાદી તપશે."

"તમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છો, તમે મોટા મોટા સાધુઓને અહીં તેડાવો છો, માનો છો, પૂજો છો, પરંતુ તમે વિચાર કર્યો કે, એ સાધુઓને ઉતરવા માટે ગામમાં કોઈ સ્થાન જ નથી. આમાં ગાદી તપે ક્યાંથી?"

જેઠા મહારાજે ગોંડલ નરેશથી જરાય દબાયા વગર સાચી વાત કહી દીધી અને એ વાત ગોંડલ નરેશને ગળે પણ ઉતરી ગઈ.

જેઠા મહારાજની નિખાલસ દિલની નિધડક વાત સાંભળી ભાણબાપુ હસવા માંડ્યા અને કહ્યું, "અદા ! તમારી વાત સાચી છે. આ વાતનો તો મને ખ્યાલ જ ન રહ્યો."

ત્યારપછી ભાણભાઈએ જેઠા મહારાજની વાત સ્વીકારી. ગોપાળાનંદ સ્વામીના હસ્તક, રાજના ખર્ચે, ગામ વચ્ચે પાકું હરિમંદિર કરાવ્યું અને ધર્મશાળા બંધાવી આપી. આ મંદિરમાં યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના હસ્તે પ્રસાદીની ચિત્ર-પ્રતિમાની સ્થાપના કરવામાં આવી. ધર્મશાળામાં ઘણા વર્ષો સુધી મોટા મોટા સંતો રહ્યા હતા. વિ.સં. ૧૯૮૫ ની સાલમાં એ જુની ધર્મશાળાને ઠેકાણે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજીએ નવી ધર્મશાળા બનાવેલી.

એક વખત ગોપાળાનંદ સ્વામી ગોંડલ પધાર્યા હતા. જેઠા મહારાજ દરબારગઢમાં ભાણાભાઈને આમંત્રણ આપવા ગયા અને કહ્યું, "બાપુ ! ગોપાળાનંદ સ્વામી મંદિરે પધાર્યા છે, સાંજે દર્શને આવજો."

દરબારે કહ્યું, "ભલે અદા ! હું સાંજે અવશ્ય સ્વામીના દર્શને આવીશ."

સાંજના સમયે દરબાર પોતાના રસાલા સાથે સ્વામીના દર્શને આવવા તૈયાર થયા અને જેવો ઓરડા બહાર પગ મૂક્યો એ જ વખતે કોઈએ પાછળથી છીંક ખાધી. દરબારના કારભારીએ કહ્યું, "બાપુ ! અપશુકન થયા, હવે આપણે બહાર જવાય નહિ." ભાણાબાપુ પણ ઝાઝો વિચાર કર્યા સિવાય પાછા વળી ગયા.

બીજે દિવસે ભાણબાપુ પાછા દર્શન કરવા જવા માટે તૈયાર થયા, ત્યાં બિલાડી આડી ઉતરી. દરબારના કારભારીએ કહ્યું, "બાપુ ! આજે પણ અપશુકન થયા, હવે આપણે બહાર જવાય નહિ." કારભારી કોઈપણ રીતે સ્વામીના દર્શને જવાની વાત ટાળી નાખવા માગતો હતો.

ભક્તના હૃદયમાં શ્રદ્ધાના અસ્તિત્વની ખૂબ જરૂર છે, પણ એ જ શ્રદ્ધાની આંખો બંધ થઈ જાય ત્યારે એ અંધશ્રદ્ધા બને છે અને કલ્યાણના માર્ગમાં અવરોધ પેદા કરતી હોય છે. અહીં દરબાર પણ સદ્‌ગુરુના દર્શને જતા આવી જ અંધશ્રદ્ધાના શિકાર બની રહ્યા હતા.

આ બાજુ રાત્રે જેઠા મહારાજે વિચાર કર્યો, "બબ્બે દિવસ થઈ ગયા, હજુ સુધી દરબાર કેમ દર્શને આવ્યા નહિ? શું કાંઈ વિઘ્ન આવ્યું હશે ? બીમાર પડી ગયા હશે ? મારે બાપુની ખબર કાઢવા દરબારગઢમાં જવું જોઈએ."

આમ વિચાર કરી જેઠા મહારાજ બીજા દિવસે સવારમાં દરબારગઢમાં પહોંચ્યા. અદાને આવેલા સાંભળી ભાણબાપુ ઊંચે સ્વરે 'જય સ્વામિનારાયણ' કહેતા કહેતા સામે આવ્યા. અદાએ પૂછ્યું, "દરબાર ! મેં તમને સમાચાર આપ્યા, બબ્બે દિવસ જતાં રહ્યા છતાં સ્વામીના દર્શને કેમ ન આવ્યા ? તમને તો ગાદી ચોંટી ગઈ છે કે શું ? કામકાજમાંથી ઊખડતા જ નથી ?"

ભાણભાઈ હસતા હસતા બોલ્યા, "અદા ! દર્શને આવવા તો રોજ તૈયાર થાઉ છું, પણ પેલા દિવસ જેવો બહાર નીકળવા ગયો, એ જ સમયે કોઈએ છીંક ખાધી અને બીજે દિવસે બિલાડી આડી ઉતરી. એટલે કારભારી કહે, 'અપશુકન થયા, આપણે હવે બહાર જવાય નહિ.' એટલે હું આવી શક્યો નથી."

બાપુની વાત સાંભળી જેઠા મહારાજ હસવું ન રોકી શક્યા. એમને ગોંડલ નરેશની સમજણ ઉપર ભારે હસવું આવતું હતું. માંડ હસવું ખાળ્યું અને પોતાની આગવી છટામાં કહ્યું, "બાપુ ! તમારે ક્યાં કોઈની જાનમાં જવાનું હતું, તે શુકન કે અપશુકન જોવા પડે. આવા મોટા સાધુ પધાર્યા, એમના દર્શન-સમાગમ વિના રહી જશો, તો એ જ મોટામાં મોટા અપશુકન કહેવાશે અને આવા સંતના દર્શન-સમાગમ કરશો તો ગમે એટલા અપશુકન હશે, તોય નાશ પામશે."

"દરબાર ! તમે ગોંડલ રાજના ધણી છો, તમારે તમારી બુદ્ધિ વાપરી કામ કરવા જોઈએ. જો કારભારી કહે એમ જ કરવાનું હોય, તો તમે રાજા શેના ? પોતાની બુદ્ધિથી કામ લેતા શીખો. તમે રાજા છો, તેથી સૌને તમારા હુકમમાં વર્તાવી શકો છો. તમારે કોઈની મરજીમાં ન વર્તવાનું હોય. દરબાર ! આપના ભાઈ મોતીજીને મુક્તાનંદસ્વામીએ કહ્યું હતું,

સુણો મોતી મોતી, વીજળી ઝબકારે વીણી લહો.

આ તો વીજળીને ઝબકારે મોતી વીણી લેવાની વાત છે. આવો અવસર કાંઈ વારે ઘડીએ આવતો નથી."

જેઠા મહારાજના મુખે પોતાના હિતની વાત સાંભળી દરબારની શ્રદ્ધારૂપી આંખો આડેથી અંધશ્રદ્ધાના પડદા દૂર થયા. આળવીતરા કારભારીની મેલી મૂરાદ કામ ન લાગી. દરબારે કહ્યું, "અદા ! તમારી વાત સાચી છે. કારભારીએ મને ભરમાવ્યો. આજે સાંજે હું અવશ્ય સ્વામીના દર્શને આવીશ."

સાંજના સમયે દરબાર પોતાના રાજ-રસાલા સાથે ગોપાળાનંદ સ્વામીના દર્શને પધાર્યા. આ રીતે હિતની વાત કરવામાં જેઠા મહારાજ કોઈની શેહ-શરમ રાખતા નહીં અને નીધડકપણે કહેવાનું કહી દેતા. જેઠા મહારાજે ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા સંતોને મન, વચન અને કર્મથી સેવ્યા હતા. તેઓ અવાર-નવાર જૂનાગઢ જતા અને સ્વામીનો સમાગમ કરતાં.

જેઠા મહારાજનો અંત સમય આવ્યો ત્યારે મહારાજ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે મહાન સંતોને સાથે લઈને જેઠા મહારાજને તેડવા આવ્યા હતા. જેઠા મહારાજે સર્વને જય શ્રી સ્વામિનારાયણ કહીને દેહ મેલી દીધો હતો.

સ્વામિનારાયણ સંપ્રદાય અને પર્યાવરણ

(વિશ્વ પર્યાવરણ દિવસ ૬ જૂન સંદર્ભે)

- ઘનશ્યામભાઇ ગઢવી
૯૨૨૮૧ ૦૬૭૭૫

હરી ભરી વસુંધરા, યે નિલા નિલા હૈ ગગન
હવાઓમેં યે રંગ ભરે વૃક્ષ દેવદાર કે
યે કીસ કવિ કી કલ્પના, યે ચમત્કાર હૈ
યે કૌન ચિત્રકાર હૈ યે કૌન ચિત્રકાર હૈ.

ધરતી પર રહેનાર માણસે ધરતીનાં આ સૌંદર્યને નષ્ટ કરીને પોતાના પગ પર કુહાડી મારી. જે ધરતી માટે માણસ યુદ્ધો કરે છે, એ ધરતી જ રહેવા જેવી નહીં રહે તો આ ખુવારી શા માટે ? વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક હોકિંગ્સે તાજેતરમાં ચેતવણી આપી છે કે જો આ પરિસ્થિતિ જ રહેશે તો આવનાર ૧૦૦ વર્ષના અંતે માનવજાત વિનાશનાં આરે ઉભી હશે. શક્ય એટલી જલદી પૃથ્વી છોડીને અન્ય ગ્રહ શોધી લેવો પડશે. ગ્લોબલ વોર્મીંગનાં કારણે પરિસ્થિતિ વિકટ બનતી જશે.

ટૂંકા અને નિજી સ્વાર્થો લઈને માનવીએ કુદરતનાં ક્રમમાં ઋતુઓ અને પર્યાવરણનાં ક્ષેત્રમાં છીંડા પાડ્યા, ઓઝોન વાયુનાં કવચમાં ગાબડા પાડ્યા અને સૂર્યનાં કિરણો ધરતીને દઝાડવા લાગ્યા. કેમીકલ્સ અને પોલ્યુથેરીન ઈન્સ્યુલન આના માટે જવાબદાર રહ્યા. રેફ્રીજરેટર, એર કન્ડીશન અને વાહનોનાં અવીરત વપરાશથી વિશ્વ ક્યારેય જેટલું પ્રદુષિત નહોતું તેટલું ૧૯મી સદીનાં અંતથી વધતું રહ્યું.

અનેક અસાધ્ય રોગો, દુષિત પાણી, અન્ન, ખોરાકને લીધે માણસ પીડાતો રહ્યો. વૃક્ષો આડેધડ કપાવા લાગ્યા, પ્રાણીજગતનું નિકંદન, બેફામ હિંસા, વરસાદની અનિયમિતતા, દુષ્કાળનું કાળચક્ર અને પરિણામે અન્નની અછત, કારમી ગરીબી અને ભૂખમરો. આ તો કેવો વિકાસ...?

આ પરિસ્થિતિ જ્યારે નજરની સામે છે ત્યારે વિચારવું પડે કે શું આપણા પૂર્વજોએ આપણા માટે આવી ધરતીની કલ્પના કરી હતી ? 'ના'. ભારતવર્ષનો ઋષિ પર્યાવરણ માટે સંચીત હતો. તેનાં શાંતિ મંત્રો અને પ્રાર્થનામાં પર્યાવરણની વાત વણાઈ જતી. ધરતી જ નહીં પરંતુ સચરાચરમાં રહેલા પશુઓ, પક્ષીઓ, વનસ્પતિ, ઔષધોનાં યોગક્ષેમ માટે પ્રાર્થના હતી. એક ડગલું આગળ વધતા અંતરિક્ષની શાંતિ માટે પણ તે જાગૃત હતો.

યજ્ઞોનો તે પુરસ્કર્તા રહ્યો. નિયમિત હોમનાં કારણે જલવાયુ હંમેશા શુદ્ધ રહેતા. અભરે ભરાતા અન્ન ભંડારો, ધનધાન્યથી છલકાતા ખેતરો, તરોતાજા જળાશયો, તંદુરસ્ત પશુધન, લહેરાતી વનરાજી, વનો અને ઉપવનો, સાદુ અને સાત્વિક જીવન હોવાનાં કારણે આપણા પૂર્વજો, ઋષિઓ પર્યાવરણનાં ઘાતક નહીં પરંતુ પૂરક હતા.

આ કેડી કંડારનાર પૂર્વસૂરીઓનાં પગલે સ્વામિનારાયણ ભગવાને રાજમાર્ગ કંડાર્યો. ૧૮મી સદીનાં વિપરીત અને પ્રતિકૂળ કાળમાં પણ પર્યાવરણ માટે જે જાગૃતિ લાવ્યા તે અદ્‌ભૂત હતી. આપણે આ યુગપુરૂષનાં અવતાર કાર્યને માત્ર ધર્મનાં ઓઠા હેઠળ ન રહેવા દેતા તેઓએ કરેલ વિવધ ક્ષેત્રનું પ્રદાન યાદ રાખવું પડશે.

નાના નિલકંઠવર્ણી પગપાળા વિચરણ કરતા રહ્યા. ધરતી કે ધરતી પર રહેલા સૂક્ષ્મ જીવોને જરા પણ વિક્ષેપ ન પડે એટલે અડવાણે પગે (ખુલ્લા પગે) રહ્યા. પ્રકૃતિના સીધા સાનિધ્યમાં અવિરત યાત્રા આગળ વધતી રહી. દિવસે પણ જ્યાં અંધારુ હોય, સૂર્યકિરણો જ્યાં પ્રવેશી ન શકતા હોય એવા નિબીડ જંગલમાં વિચરતા રહ્યા.

કાંટા, ગોખરૂ અને દુર્ગમ માર્ગ વચ્ચે ચાલતા ચાલતા પ્રકૃતિનાં અસીમ સૌંદર્યને વંદન કરતા રહ્યા. સિંહ-વાઘ-વરૂ-રિંછ કુદરતનાં કરિશ્માં સમી આ સૃષ્ટીનો એને ડર નહોતો, તેઓ અભય હતા - અભયનો સાચો અર્થ છે કે કોઈથી ભય પામે નહીં અને કોઈને ભય પમાડે નહીં.

અહીંસાનાં ઉચ્ચ આસને બિરાજનાર આ બાળયોગી વનરાજની પીઠના ટેકે મીઠી નિંદર માણી લેતા. ફુત્કાર કરતા સર્પો વર્ણીનું નિર્દોષ પ્રાકૃત સ્વરૂપ જોઈને નિર્વિષ બની જતા. જળાશયોની પવિત્રતા જાળવતા તેઓ જરૂર પુરતા પાણીનો જ સ્નાન માટે ઉપયોગ કરતા. ભૂખ લાગે ત્યારે અનાયાસે પોતાની મેળે ખરી પડેલા ફળોને વિશ્વંભરનો પ્રસાદ માનીને સ્વીકારતા. બાળયોગીની આ નિષ્ઠા ચિરંજીવી હનુમાનજીએ પણ નિરખી હશે એટલે જ તો તાજા ફળ લાવીને સખાભાવે આપતા હશે...!

વર્ણીની પરિવ્રાજક અવસ્થા પર્યાવરણનાં કુદરતનાં

નિયમોને ક્યાંય બાધક ન બની. આથી મોટો સંદેશ સત્સંગીઓ માટે શું હોય ? પર્યાવરણનાં ભાષણોથી નહીં પણ ડગલે ને પગલે જાગૃતી રાખવાનો સંકલ્પ આપણે લેવો પડશે.

અવતારી પુરૂષની આ બાલ્ય અવસ્થાનો પડઘો શિક્ષાપત્રીમાં સંભળાય છે. સત્સંગી ગૃહસ્થ ભાઈઓ અને બહેનોનાં વર્તમાનની લક્ષ્મણરેખાઓ આલેખીને પર્યાવરણની વાત કરી સૂક્ષ્મજીવોની થતી હિંસા, અણગણ પાણી, અશુદ્ધ ભોજન, આસન અશુદ્ધિ માટે સત્સંગી અને સાધુગણોને નિયમ લેવડાવ્યા.

બ્રાહ્મમૂહુર્ત - રાત્રી અને દિવસની દિનચર્યા પ્રકૃતિનાં નિયમોને આધીન રહી વિતાવવાની વાત કરી.

બ્રહ્માનંદ સ્વામી અને અન્ય સંત કવિઓનાં પદોમાં પણ પ્રકૃતિનાં વર્ણનો ભરપૂર છે.

આ ભવ્ય યુગપુરૂષોએ ચિંધેલ શ્રેયમાર્ગે આગળ વધતા ગુરુકુલ પરિવારને ગૌરવ છે કે મહારાજનો રાજીપો રહે તે માટે વૃક્ષારોપણ, ગૌસંવર્ધન, યજ્ઞશાળા, આયુર્વેદ અને વૈકલ્પિક ચિકિત્સાનાં માર્ગે આગળ વધતા રહિશું.

બીજે શું થાય છે ? બીજા શું કરે છે ? એમની ખબર નથી, પરંતુ સ્વામિનારાયણ ભગવાનનાં કૃપાપાત્ર બનવું હોય તો પર્યાવરણ જાળવવાનો સંકલ્પ લઈશું.

S.G.V.P નાં અને અન્ય ગુરુકુલોનાં વિશાળ પ્રાંગણમાં ઉભેલા વૃક્ષો, હરિયાળી, અન્ય જીવસૃષ્ટિ, કિટકો, પતંગીયા, પક્ષીઓની એક યાદી કરવી ઘટે, પર્યાવરણ વિદોને આમંત્રીને બતાવીએ કે અમો પર્યાવરણની સાથે જીવીએ છીએ. જય શ્રી સ્વામિનારાયણ....

સમાચાર દર્શન

ધન્વન્તરી યજ્ઞ

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સર્વજીવહિતાવહ સંદેશાઓને પ્રવર્તાવવા SGVP હંમેશા કટ્ટીબદ્ધ રહ્યું છે. સમાજ સેવાના જ એક ભાગરૂપે પરમ પૂજ્ય જોગી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં તથા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે ખૂબ જ ટૂંકા સમયમાં SGVP માં શ્રી જોગી સ્વામી હોલીસ્ટીક હોસ્પીટલનો પ્રારંભ થઈ રહ્યો છે.

તારીખ ૨૯, એપ્રિલ, અક્ષયતૃતિયાના પવિત્ર દિવસે હોસ્પીટલના લોકાર્પણ સમારોહના ઉપક્રમે ધન્વન્તરી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. નૂતન નિર્માણ પામેલ વિશાળ હોસ્પીટલ બિલ્ડીંગના પરિસરમાં સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં હોસ્પીટલમાં સેવા આપનારા સુપ્રસિદ્ધ વૈદ્યશ્રીઓ, ડૉક્ટરર્સ, યજમાનો તથા ભક્તજનોની હાજરીમાં ધન્વન્તરી યજ્ઞ યોજાયો હતો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ ગુરુકુલના ઈતિહાસમાં સૌથી મોટો રહેશે. અહીં તાવ-શરદીથી માંડી ન્યરોસર્જરી સુધીની તમામ સારવાર પૂરી પાડવામાં આવશે. અમદાવાદના ખ્યાતનામ ડોક્ટર્સ તથા વૈદ્યશ્રીઓ ઉપરાંત વિદેશી ડોક્ટર્સ પણ આ હોસ્પીટલમાં પોતાની અમૂલ્ય સેવાઓ આપશે. ઉપરાંત પૂજ્ય પુરાણી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ શુભાશિર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ડૉ. શ્રી પાર્થિવભાઈ મહેતા, વૈદ્ય શ્રી તપનભાઈ, વૈદ્ય શ્રી પ્રવિણભાઈ તથા દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, દુધાળા

કેસરી સિંહની ગર્જનાઓથી ગુંજતી ગીરની ધરતીના છેવાડે આવેલું રળિયામણું અને ગોકુળિયું ગામ એટલે દુધાળા. આ નાનકડા ગામમાં સ્વામિનારાયણ, રામાનંદી, વૈષ્ણવો, શૈવો બધા જ સંપથી રહે છે. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી એક જ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી રામચંદ્રજી તથા ભગવાન શ્રી શિવજી એમ ત્રણ મંદિરો તૈયાર થયા. ત્રણેય નૂતન મંદિરોનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૩૦ એપ્રિલ થી ૪ મે, ૨૦૧૭ દરમિયાન ઉજવાયો. આ પવિત્ર પ્રસંગે વડતાલથી પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે પધારી ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા વિધી સંપન્ન કરી હતી. મહોત્સવ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શ્રીરામચરિત માનસની કથાનું શ્રવણ કરાવ્યું હતું. ઉપરાંત પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ધામધામથી સંતો-મહંતોએ પધારી દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

આ મંદિરોના નિર્માણમાં ગામના નાના-મોટા સર્વએ એક સંપથી સાથ સહકાર આપ્યો હતો. આ પ્રસંગ ધાર્મિક સમરસતાના ઉદાહરણરૂપ સાબિત થયો હતો. મહોત્સવનું સંપૂર્ણ આયોજન સમસ્ત ગામે મળીને કર્યું હતું. પાંચે દિવસ ગ્રામજનોએ પ્રસાદનો લાભ લીધો હતો.

દરિદ્રનારાયણની સેવા

ઉનાળો મધ્યભાગે પહોંચ્યો છે અને પોતાનું રુદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. આવા આકરા તાપમાં ઘરની બહાર નીકળવું દુષ્કર બની રહ્યું છે, ત્યારે જે લોકો રોડ ઉપર જ રહે છે અને પગમાં પહેરવા પગરખા શુદ્ધા નથી તેવા બાળકો, સ્ત્રી-પુરુષો ઉપર શું વીતતી હશે તે તો અનુભવ કરનાર જ જણાવી શકે ? અતિ ગરિબાઈમાં જીવતા આપણા જ ભાઈઓને દુઃખી જોઈ આપણે દુઃખી ન થઈએ તો આપણા મનુષ્ય હોવાપણામાં ખોટ દેખાય.

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ દરિદ્રનો જોઈ દ્રવી જતા અને એમની દરિદ્રતા દુર કરતા. ત્યારે ઉનાળાના આ આકરા તાપમાં રોડ ઉપર ખુલ્લા પગે ફરતા લોકોને થોડી પણ રાહત મળે એવા હેતુથી પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ચપ્પલ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તારીખ ૨૩ એપ્રિલના રોજ અમદાવાદની ગલીઓ ફરી દોઢસો સ્વયંસેવકોએ ત્રણ હજાર ઉપરાંત જોડી ચપ્પલ દરિદ્રનારાયણના પગમાં પહેરાવી અમૂલ્ય સેવાનો લાભ લીધો. સંતો-ભક્તોની આ સેવાથી મહારાજ અવશ્ય રાજી થયા હશે !

સહસ્ત્રાબ્દી મહોત્સવ, મેલકોટ

દક્ષિણ ભારતના મૈસુર પાસે આવેલા સુપ્રસિદ્ધ તીર્થ મેલકોટ ખાતે ભગવત્પાદ રામાનુજાચાર્યના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થતા સહસ્ત્રાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં સ્વયં રામાનુજાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત સંપ્પતનારાયણ તથા પોતાના શિષ્યોને પૂજવા આપેલ પોતાની મૂર્તિ બિરાજે છે. કહેવાય છે કે આ સંપ્પતનારાયણની મૂર્તિની પૂજા સ્વયં ભગવાન શ્રીરામે કરી છે.

ભગવત્પાદ રામાનુજાચાર્યજીના જન્મના હજાર વર્ષ પૂર્ણ થતા મેલકોટ ખાતે ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં રામાનુજાચાર્યજીના મુખ્ય પૂજારી અને દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજીના આમંત્રણને માન આપી પૂજ્ય સ્વામીજી મેલકોટ પધાર્યા હતા. અહીં રામાનુજાચાર્યજીની મૂર્તિનો અભિષેક તથા સંપ્પતનારાયણની પૂજાનો લાભ લીધો હતો. અત્રે આયોજિત સભામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને શ્રી રામાનુજ સંપ્રદાયની એકતા વિષે વાત કરી હતી. સભાના અંતે મંદિરના પૂજારીઓ તથા વિદ્વાનોએ પૂજ્ય સ્વામીજીનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ભૂજ મંદિરથી પૂજ્ય સત્યપ્રકાશદાસજી સ્વામી વગેરે સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

બાલ સત્સંગ શિબિર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે વેકેશન દરમ્યાન તારીખ ૮ થી ૧૪ મે, ૨૦૧૭ દરમિયાન બાલ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલ આ શિબિરમાં બાળકોની જિજ્ઞાસામાં વધારો થાય, સમૂહ જીવન જીવતા શીખે, પોતાની નાની નાની જવાબદારીઓનું ભાન થાય અને સંતોના સંગે સુસંસ્કારો મેળવે એવા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. શિબિરને બાળકો તથા બાલિકાઓ એમ બે વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૭૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો.

સાત દિવસની શિબિર દરમિયાન ઘનશ્યામ દિન, નિલકંઠ દિન, સહજાનંદ દિન, ભક્તિ દિન જેવા વિવિધ દિવસોની ઉજવણી કરાઈ હતી. જેમાં શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ, જળઝીલણી મહોત્સવ, વન મહોત્સવ જેવા વિવિધ ઉત્સવો ઉજવવામાં આવ્યા હતા. ઉપરાંત બાળકોને સંતો દ્વારા તથા બાલિકાઓને સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગની દંડવત, પૂજા, વંદન, શાસ્ત્રવાંચન, યોગ, પ્રાણાયામ તથા માતા-પિતાની સેવા, વડીલોને આદરભાવ વગેરે સંસ્કારલક્ષી કેળવણી આપવામાં આવી હતી. એ ઉપરાંત બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવતી વક્તૃત્વ, એક પાત્રીય અભિનય, નૃત્ય, જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. ઉપરાંત કેમ્પસમાં રહેલી સ્વીમીંગ, હોર્સ રાઈડીંગ, ક્રીકેટ, ફુટબોલ વગેરે રમતોના મેદાનોની સુવિધાઓના ઉપયોગ દ્વારા બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ શિબિરમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય પુરાણી સ્વામીએ બાળકોને હળવી શૈલીમાં વાર્તાઓ દ્વારા બોધ આપ્યો હતો તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને ઈનામ અર્પણ કર્યા હતા. બાલ શિબિર દરમિયાન યોગગુરુ બાબા રામદેવજી મહારાજે પણ બાળકો વચ્ચે પધારી પ્રેરણાદાયી વાતો કરી હતી. આ શિબિરનું તામામ આયોજન શાસ્ત્રી શ્રી

ભક્તિવેદાંતદાસજી સ્વામી તથા સંતોએ કર્યું હતું. સંતો સાથે વ્યવસ્થાપનમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ તથા હરિભક્તો અને બહેનો જોડાયા હતા.

શ્રીમદ્ ભાગવત કથા, વડવિયાળા

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી ઊના પાસેના વડવિયાળા ગામે તારીખ ૫ થી ૧૧ મે દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.ભ. શ્રી પરશોત્તમભાઈ ખોડાભાઈ દોમડીયાના મુખ્ય યજમાન પદે યોજાયેલ આ કથામાં પૂજ્ય શાસ્ત્રી શ્રી મુનિવત્સદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી સર્વમંગલદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી કથામૃતનું પાન કરાવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ અવારનવાર કથાવાર્તાનો લાભ આપી ભક્તજનોને રાજી કર્યા હતા. કથાના અંતે સદ્‌ગુરુ સંતોએ પરશોત્તમભાઈ, વિજય, પાર્થ વગેરે યજમાન પરિવારને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

સ્વામિનારાયણ મંદિર દેરડીમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજની આરતી પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, સંતો તથા મધુભાઇ દોંગા વગેરે ભક્તજનો

સ્વા. મંદિર અમદાવાદના મહંત શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલ મંદિરના દશાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તેમજ સંતો, ભાયાવદર

રામજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી તથા સભાને સંબોધન કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, નવા ઉગલા

લેધર બોલની ફાઇનલમાં વિજેતા થયેલ ટીમને પ્રોત્સાહિત કરતા પૂજ્ય સ્વામીજી, જસ્ટીસ શ્રી ઢોલરીયા સાહેબ તથા મહાનુભાવો

પદ્મશ્રી તથા સાહિત્ય અકાદમીના પ્રમુખ શ્રી વિષ્ણુભાઇ પંડ્યાનું સન્માન કરતા પૂજ્ય સ્વામીજી તથા મહાનુભાવો, સુરેન્દ્રનગર



પૂજ્ય સ્વામીજી સાથે SGVPની મુલાકાતે પધારેલા પ્રખ્યાત જૈનાચાર્ય શ્રી મહાબોધિવિજયજી મહારાજ તથા કપુરચંદભાઇ શાહ

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી ધર્મકુમારભાઇ રવિશંકરભાઇ ઠાકર :- લોસ એન્જલસ - અમેરિકા નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વગેરે સદ્‌ગુરુ સંતોના અતિ કૃપાપાત્ર પ.ભ. શ્રી ધર્મકુમારભાઈ ૯૫ વર્ષની ઉંમરે ૨૫ મેના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ધર્મકુમારભાઈ એટલે સેવા અને મહિમાની સાક્ષાત મૂર્તિ. એમણે જીવન દરમિયાન ખૂબ સત્શાસ્ત્રોનું વાંચન કર્યું અને એ જ્ઞાનનો વારસો પરિવારમાં પણ આપ્યો. ગુરુકુલના પ્રારંભથી ધર્મકુમારભાઈની સેવા અજોડ રહી. તેઓએ દારેસલામ, મુંબઇ તથા અમેરિકાના નિવાસ દરમિયાન સત્સંગની સેવાઓ કરીને સંતો-ભક્તોને ખૂબ રાજી કર્યા. આવા મહાન ભક્ત મહારાજનું અખંડ સુખ પ્રાપ્ત કરે તથા તેમના પરિવારજનો શ્રી હર્ષવર્ધનભાઈ વગેરેને ધીરજ અર્પે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અ.નિ. શ્રી હેમીબેન શાંતિલાલ પટેલ (બાલઘા) :- ગામ ધોરાજી હાલ નવી મુંબઈ નિવાસી શ્રી હેમીબેન ૯૦ વર્ષની ઉંમરે ૧૬ એપ્રિલના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા હેમીબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર પંકજભાઈ, તેમજ ધીરુભાઈ, ચંદ્રિકાબેન, ડૉ. રાહુલભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધનબાઇ દેવરાજ હરજી પટેલ :- લંડન નિવાસી શ્રી ધનબાઈ દેવરાજ હરજી પટેલ ૨૬ એપ્રિલના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા ધનબાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રી શ્રી કાંતાબેન રવજીભાઈ હિરાણી વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઓતીબા રામભાઇ ગજેરા :- ગામ નાના સમઢીયાળા નિવાસી શ્રી ઓતીબા ૯૮ વર્ષની ઉંમરે ૨૧ એપ્રિલના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ઓતીબાના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર મગનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કુસુમબેન હરીશભાઇ રાવલ :- નાગપુર નિવાસી શ્રીકુસુમબેન ૧૦ મેના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા કુસુમબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર તુષારભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

અ.નિ. શ્રી વિનુભાઈ મનુભાઈ ગોંડલિયા, અમદાવાદ
શ્રી વિલ્પાબેન દેવેન્દ્રભાઈ વિઠ્ઠલાપરા, ધરમપુર
પ.ભ શ્રી કિશોરભાઈ સાવલિયા, અમેરિકા
પ.ભ. શ્રી રમેશભાઈ ધનજીભાઈ પટેલ, હુબલી
પ.ભ. શ્રી ખુશાલભાઈ રાજેશભાઈ જોષી, નાગપુર
પ.ભ. શ્રી પાર્થ જેન્તીભાઈ દુધાત, સુરત
પ.ભ. શ્રી હસમુખભાઈ નારાયણભાઈ પડશાળા, સુરત
અ.નિ. શ્રી પાર્વતીબેન નારાયણભાઈ પડશાળા, સુરત

અમદાવાદ ગુરુકુલ

પ. ભ. શ્રી વેલજીભાઈ પ્રેમજીભાઈ વરસાણી, મસ્કત
પ. ભ. શ્રી કાર્તિકભાઈ સુથાર, અમદાવાદ
પ. ભ શ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ મેઘાણી, બળદિયા
અ.નિ. શ્રી મુળશંકરભાઈ લક્ષ્મણભાઈ તેરૈયા
હ. પંકજભાઈ તેરૈયા, અમદાવાદ
પ.ભ. શ્રી દિપના વાલજીભાઈ શિયાણી, લંડન
પ.ભ. શ્રી ચંદ્રેશ ચતુરભાઈ રામાણી, અમદાવાદ
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ મનસુખભાઈ ત્રિવેદી, અમદાવાદ

આગામી આયોજન

તા. ૩/૬/૧૭, શનિવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક, રાજોપચાર પૂજન તથા આમ્રોત્સવ, મેમનગર ગુરુકુલ
તા. ૪/૬/૧૭, રવિવાર : **શ્રીહરિ અંતર્ધાન લીલા સભા :** સવારે ૯:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
તા. ૪/૬/૧૭, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૫/૬/૧૭, સોમવાર : **ભીમ એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
તા. ૨૦/૬/૧૭, મંગળવાર : **યોગિની એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૫/૬/૧૭, રવિવાર : **રથયાત્રા દશાબ્દિ મહોત્સવ :** રથયાત્રા મહોત્સવના દશાબ્દિ વર્ષની ભવ્ય ઉજવણી.
રથયાત્રા પ્રસ્થાન બપોરે ૨ :૦૦ કલાકે ગુરુકુલથી થશે અને નગર વિહાર કરી ભગવાન સાંજે ૭ : ૦૦ કલાકે, ગુરુકુલ પરત પધારશે. રથયાત્રા રૂટ :- ગુરુકુલથી ગુરુકુલ રોડ, સુભાષ ચોક, યુગાન્ડા સોસા., સન-એન્ડ સ્ટેપ ક્લબ, સત્તાધાર ચાર રસ્તા, કલાસાગર મોલ, કર્મચારી નગર, ભુયંગદેવ ચાર રસ્તા, શાંતિનિકેતન, વિશ્રામનગર, તરૂણનગર, સુભાષ ચોક, વિવેકાનંદ ચોક, મેમનગર ગામ, માનવ મંદિરથી ગુરુકુલ પરત પધારશે.
આજ રોજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો જન્મદિન હોવાથી ભજન-ભક્તિ સાથે ઉજવાશે.

|| Jay Swaminarayan ||

SHREE SWAMINARAYAN GURUKUL PARIVAR - UK

10th Anniversary

HINDU LIFESTYLE SEMINAR

GURUKUL PARIVAR UK

28 June to 02 July 2017

:: Divine Presence ::

H.H. GURUVARYA SHREE MADHAVPRIYADASJI SWAMI

Venue : SKLPC Northolt London

Bhagavat Katha

Maha Vishnuyag

Samhita Path

Interfaith Dialogue

Exhibitions

Bal Manch

Yuva Manch

Mahila Manch

CONTACT : 07960359999, 07831092042, 07958226807 | www.ssgp.org

Satsang Vicharan U.K. – 2017

Date	Venue
8 to 15 June	89 Village Way, **Neasden, London**, NW10 0LN
16 to 18 June	Shri Ram Mandir, 2 Anglesea Avenue, **Woolwich**, SE18 6ER
19 to 25 June	SKS Swaminarayan Temple, Westfield Lane, **Kenton Harrow**, HA3 9EA
26 June to 4 July	89 Village Way, **Neasden, London**, NW10 0LN
28 June to 2 July	Hindu Lifestyle Seminar, SKLPC Centre, West End Road, **Northolt London**, UB5 6RE
5 to 8 July	SKS Swaminarayan Temple, 22/24 Shaftesbury Road, **East London**, E7 8PD
9 to 12 July	Northampton & Leicester
13 to 16 July	Shri Kutch Leva Patel Samaj, Crook Street, **Bolton**, BL3 6AS
17 to 27 July	Shri Kutch Leva Patel Samaj, Mardy Street, **Cardiff**, CF11 7QT
28 to 30 July	Youth Camp, Grittleton House, Grittleton, **Chippenham**, SN14 6AP
31 July to 5 August	Shri Radha Krishna Temple, Schofield Street, Hathershaw, **Oldham**, OL8 1QJ

Any inquiry for Darshan, Mahapuja, Thal & Padharamni, please contact

Sant Mandal: 0779 353 1382
Govindbhai Patel (Kerai): 0783 109 2042

Govindbhai Raghvani: 0795 822 6807
Ravjibhai (Kanti) Hirani: 0796 035 9999

Connect with us on

www.SSGP.org
Twitter.com/GurukulParivar # Facebook.com/GurukulParivar
Google.com/+SwaminarayanGurukul # Youtube.com/SwaminarayanGurukul
www.SwaminarayanGurukul.org

ઉનાળાના મધ્ય ભાગે ઘગતી ધરતી ઉપર ખુલ્લા પગે ફરતા દરિદ્રનારાયણની સેવા કરતા ગુરુકુલ પરિવારના યુવાનો. દોઢસો જેટલા યુવાનોએ અમદાવાદની ગલીઓમાં ફરી ત્રણ હજારથી વધારે પગરખાનું વિતરણ કર્યું હતું.

ભગવદ્પાદ રામાનુજાચાર્યની સહસ્રાબ્દી મહોત્સવમાં દર્શન કરતા પૂજ્ય સ્વામીજી તથા સત્યપ્રકાશદાસજી સ્વામી - ભૂજ, મહોત્સવ દરમિયાન પૂજ્ય સ્વામીજીનું સન્માન કરતા વિદ્વાનો, મેલકોટ

કથાના યજમાન પરશોત્તમભાઇ દોમડીયા પરિવારને આશીર્વાદ પાઠવતા પૂજ્ય સદ્ગુરુ સંતો, વડવીયાળા

સ્વામિ. મંદિરના પંચમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા વિપુલભાઇ વલ્લભભાઇ ગજેરા પરિવાર, ઉજળા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજીની મુલાકાતે પધારેલા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પરમાત્માનંદજી મહારાજ તથા વિવિધ ધર્માચાર્યો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ આદિત્યનાથજીને એમના ગુરુની સ્મૃતિ અર્પણ કરી હતી.

SGVP તથા અમદાવાદ ગુરુકુલની મુલાકાતે પધારેલા યોગાચાર્ય બાબા રામદેવજી મહારાજ.
SGVP ના પ્રાંગણમાં બાબાએ રાત્રિ નિવાસ દરમિયાન બાળકોને પ્રેરણાદાયી વાતો કરી હતી.

શ્રી જોગી સ્વામી હોલિસ્ટીક હોસ્પીટલનું ભવ્ય બિલ્ડીંગ તૈયાર થતા અખાત્રિજના રોજ યોજાયેલ ધન્વન્તરી યજ્ઞમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય સદ્‌ગુરુ સંતો, ડોકટર્સ, વૈદ્યો તથા મહાનુભાવો

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat